# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 02-12-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## SIR:

રાજ્યભરમાં મતદાર યાદીની વિશેષ સઘન સુધારણા – SIR ઝૂંબેશ હેઠળ ગણતરીનો તબક્કો આગામી 11 ડિસેમ્બર સુધી ચાલશે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હારિત શુક્લાની આગેવાનીમાં મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીની સમગ્ર ટીમ તમામ જિલ્લાના ચૂંટણી અધિકારી અને કર્મચારીઓ સાથે સંકલનમાં રહી સમગ્ર પ્રક્રિયાને વેગવાન બનાવવા કાર્યરત છે.

-----------------------------------------------------------------------------------------

## DPA :

દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાએ 100 એમએમટીના સીમાચિહ્ન બાદ વધુ એક નવો બેન્ચમાર્ક સ્થાપિત કર્યો છે.

ડીપીએ ખાતે આઈઓસીએલના એલપીજી ટર્મિનલે 27 નવેમ્બર સુધીમાં 15 LPG ટેન્કર અને 2,70,551 MT હેન્ડલ કરીને આ વિક્રમજનક સિધ્ધી પ્રાપ્ત કરી છે.

-----------------------------------------------------------------------------------------

## રણોત્સવ માટે બસ સેવા:

ધોરડોના સફેદ રણમાં યોજાઈ રહેલ રણોત્સવનો આનંદ માણવા આવતા પ્રવાસીઓ માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ ભુજથી ધોરડો માટે વિશેષ બસ સેવા શરૂ કરવામાં આવશે.

આ ઉપરાંત, ધોરડો સબરસ બસ સ્ટેન્ડથી વોચ ટાવર સુધી અવર જવર માટે આવતીકાલ ત્રીજી ડિસેમ્બરથી ખાસ 10 મીની બસ સેવા શરૂ કરવામાં આવશે.

ભુજથી ધોરડો માટે શરુ થનારી વધારાની 3 ટ્રીપો ભુજથી ઉપડી વાયા ભીરંડીયારા, લોરીયાથી ધોરડો રૂટ પર ચાલશે જેનો સ્થાનિક નાગરિકો તેમજ પ્રવાસીઓને મહત્તમ લાભ મળી રહેશે.

આ બસ સેવાની ટિકિટનું એસ.ટી. દ્વારા નિમવામાં આવેલ બુકીંગ એજન્ટ, GSRTC Official મોબાઈલ એપ તથા નિગમની વેબસાઈટ www.gsrtc.in પરથી પણ ઓનલાઈન બુકિંગ કરી શકાશે તેવું ભુજ એસટીના વિભાગીય નિયામકે જણાવ્યું છે.

---

## ઝારા શહીદ શ્રધ્ધાંજલિ સમારોહ:

રણ સરહદ નજીક આવેલા ઐતિહાસિક ઝારા ડુંગરની તળેટી ખાતે અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા 25મો શહીદ શ્રદ્ધાંજલિ સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે સ્થળના પૂરતા વિકાસ માટે સહિયારા પ્રયાસો કરવા હાકલ કરવામાં આવી હતી. કાર્યક્રમ પૂર્વે શહીદ સ્મારક ખાતે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

---

## ગાંધીધામ મહાનગર પાલિકા:

ગાંધીધામ મહાનગરપાલિકાના કમિશનર મનીષ ગુરવાની દ્વારા શહેરના સેક્ટર ૫ અને ૬ વિસ્તારમાં સફાઈની કામગીરી તથા રોડ રસ્તાના કામોની જાત મુલાકાત લેવામાં આવી હતી. રસ્તાના કામોના સ્થળ પર નમુના મેળવી લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતાં. નિયમિતપણે રસ્તાઓની સફાઈ કામગીરી યોગ્ય રીતે થાય તેવી સૂચના આપવામાં આવી હતી.

---

## મુંદરા બાર એસોસિએસન:

મુંદરા બાર એસો.ની આગામી વર્ષ 2025-26ની સામાન્ય ચૂંટણી આગામી 19 મી એ યોજાશે, જેના ફોર્મ ભરવાની પ્રક્રિયા ગઈકાલથી શરુ થઇ છે. આ ચૂંટણીમાં પ્રમુખ સહિત કુલ આઠ હોદ્દેદાર અને 12 કારોબારી સભ્યોને ચૂંટવામાં આવશે. જેમાં કુલ 173 વકીલો મતદાન કરશે.

---------------------------------------------------------------------------------------------------

## નેત્રનિદાન અને સારવાર કેમ્પ:

અંધજન મંડળ કે.સી.આર.સી. આંખની હોસ્પિટલ, ભુજ દ્વારા નખત્રાણામાં દરિયાસ્થાન મંદિર ખાતે મફત નેત્ર નિદાન અને સારવાર કેમ્પ યોજવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય અંધત્વ અને દૃષ્ટિખામી નિયંત્રણ કાર્યક્રમના સહયોગથી મોતિયાના ઉચ્ચ ગુણવત્તાવાળી નેત્રમણિવાળાં ઓપરેશન, ઝામર, વેલ, પરવાળા, નાસુર તથા આંખને લગતા દર્દીઓની તપાસ કરી જરૂરી દવાઓ, ચશ્માં અને ટીપાં આપવા આવ્યા હતા. કેમ્પમાં 175 દર્દીઓએ આંખનું નિદાન કરાવ્યું હતું.

ઓપરેશનલાયક દર્દીઓના શનિવાર અને રવિવારે ભુજમાં નિ:શુલ્ક ઓપરેશન કરવામાં આવશે તેમ સંસ્થા દ્વારા જણાવાયું છે.

---------------------------------------------------------------------------------------------------

## કૃત્રિમ પગ:

ગાંધીધામ લાયન્સ ક્લબ દ્વારા ભુજ અંધજન મંડળ અને કચ્છ કોપ્રિહેન્સિવ રીહેબિલિટેશન સેન્ટરના સહયોગથી 30 જેટલા જરૂરિયાતમંદોને જર્મન ટેકનોલોજી આધારિત કૃત્રિમ પગ નિશુલ્ક આપવામાં આવ્યા હતા. સંસ્થા દ્વારા લાભાર્થીઓના પગના માપ લેવા માટે શિબિરનું આયોજન કરવામાં આવ્યુ હતું.

---------------------------------------------------------------------------------------------------

## સિયોત-મુધાન રોડ:

દેશની પશ્ચિમી રણ સરહદે લખપત તાલુકામાં સીમા સુરક્ષા દળની અંતિમ સીમા ચોકી મુધાન કેમ્પ સુધી પહોંચવા માટેનો સિયોત-મુધાન પાંચ કિ.મી.નો રસ્તો વર્ષોથી જર્જરિત છે, જેનું સમારકામ કરવાની માંગ ઉઠીન છે.

મુધાનના અગ્રણી મનુભા જાડેજાએ કહ્યું હતું કે, મુધાન એ સરહદનું છેલ્લું ગામ છે અને સુરક્ષાની વ્યૂહાત્મક દૃષ્ટિએ પણ આ માર્ગ અતિમહત્ત્વનો છે. હાલમાં આ રસ્તો ગાડાવાટ જેવો બની ગયો છે તેમજ  ઠેરઠેર ખાડા પડી ગયા છે. જેથી, આ રસ્તાની મરંમત કરવાની માંગ ઉઠી છે.

---------------------------------------------------------------------------------------------

## હવામાન:

જિલ્લામાં હવામાનમાં જોવા મળી રહેલી વિષમતા વચ્ચે શીત મથક નલિયામાં લઘુતમ તાપમાન આજે ફરી રાજ્યમાં સૌથી ઓછું 10 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. બીજી તરફ, ગઈકાલે રાજ્યનું સૌથી ઠંડું સ્થળ રહેલું કંડલા આજે 7 ડિગ્રીના વધારા સાથે 17.5 ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું.

જીલ્લામાં વહેલી સવારે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહી છે. જોકે, બપોરના સમયે વાતાવરણમાં ગરમીનો અહેસાસ થતાં દિવસભર વિષમ માહોલ રહે છે.

દરમ્યાન, જિલ્લા મથક ભુજમાં ઠંડીનું પ્રમાણ જળવાઈ રહ્યું છે. અંજાર અને ગાંધીધામમાં ઠંડીમાં વધઘટ જોવા મળી હતી. હવામાન વિભાગે આગામી દિવસોમાં તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની સંભાવના ન હોવાનું જણાવ્યું છે. ભુજ અને નલિયામાં લઘુતમ તાપમાન 11 થી 14 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની ધારણા વ્યક્ત કરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------